# : પ્રેસ નોટ :

અમદાવાદ શહેર વિસ્તારમાં જવેલર્સ ઉપર ફાયરીંગ કરી હત્યા કરી લુંટ કરનાર કુખ્યાત ગેંગને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ.

---

છેલ્લા ઘણા સમયથી અમદાવાદ શહેર વિસ્તારમાં જવેલર્સને ટાર્ગેટ કરી તેમના ઉપર પિસ્ટલ, રિવોલ્વર, દેશી તમંચા જેવા હથિયારોથી ફાયરીંગ કરી, હત્યા કરી, ખંડણીની ઉઘરાણી કરી, લુંટ કરતી ગેંગને શોધી કાઢવા માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરશ્રી શિવાનંદ ઝા તથા ક્રાઇમ બ્રાન્ચના ખાસ પોલીસ કમિશ્નરશ્રી એ.કે.શર્મા નાઓની સુચનાથી ક્રાઇમ બ્રાન્ચના નાયબ પોલીસ કમિશ્નરશ્રી દિપેન ભદ્રન નાઓએ ક્રાઇમ બ્રાન્ચની અલગ અલગ ટીમો બનાવી આવા ગુન્હાઓના આરોપીઓ પકડી પાડવા સુચના આપેલ. આવા પ્રકારના ગુન્હાઓથી અમદાવાદ શહેરના વહેપારીઓમાં ભયની લાગણી પ્રસરી ગયેલ હતી.

ગુજરાત ખાતે ગુનાહિત પ્રવૃતિ શરુ કરેલ જેમાં સને-૨૦૧૧ માં આ ગેંગ દ્વારા ભારાષર બેંક ઓફ ઇન્ડીયા, ભુજ ખાતે રૂ.૧૨ લાખની લુંટ કરવામાં આવેલ ત્યારબાદ સને-૨૦૧૨ વાસણા ખાતે આવેલ મુથુટ ફાયનાન્સ બેંકમાં ફાયરીંગ કરી લુંટની કોશીશ કરેલ તેમજ વટવા પો.સ્ટે. વિસ્તારમાં એ.ડી.સી.બેંકમાંથી રૂ.૫.૫૦ લાખની લુંટ કરવામાં આવેલ તથા ઘાટલોડિયા ખાતે બાલકૃષ્ણ જવેલર્સના માલીક પંકજ સોની ઉપર ફાયરીંગ કરી મોત નીપજાવી રૂ.૨.૫૦ લાખની લુંટ કરેલ. તથા સોલા ખાતે ગોલ્ડ પેલેસ જવેલર્સના માલીક પ્રકાશ પટેલ ઉપર ફાયરીંગ કરી લુંટ કરેલ તથા વસ્ત્રાપુર લાડ સોસાયટી ખાતે પ્રકાશ સોની પર ફાયરીંગ કરી મોત નીપજાવી રૂ.૨ લાખની લુંટ કરેલ તથા નવરંગપુરા ભાનુ જવેલર્સ સ્વસ્તીક ચાર રસ્તા ખાતે ફાયરીંગ કરવામાં આવેલ તેમજ સોલામાં અગાઉ લુંટના ફરીયાદીશ્રીને ફોનથી મારી નાંખવાની ધમકી આપેલ.

આમ, ઉપર મુજબના ખુન, લુંટ, ફાયરીંગ અને ધમકીઓના ગુન્હાઓ થવાથી શહેરમાં ભયનો માહોલ ઉભો કરી સોનીઓના વેપાર ધંધા ઉપર ખુબ જ માઠી અસર પહોંચાડી શહેરમાં સતત ક્રાઇમનો વધારો કરનાર ખતરનાક ગેંગસ્ટર વિશાલ ગોસ્વામી તથા તેની ગેંગના અન્ય સાગરીતોએ આ ગુન્હાઓ આચરેલાની માહિતી મળેલ જે આધારે પ્રથમ (૧)પુષ્પેન્દ્ર ગજેન્દ્ર ચૌધરી (૨) મનીષ શ્રીનિવાસ ગોસ્વામી (૩) ગૌરવસીંગ મોહનસીંગ તોમર (૪) વિનયસીંગ રામસ્વરુપસીંગ પરમાર (૫) વિષ્ણુ રામજીલાલ શર્મા (૬) યોગી ઉર્ફે ચંદ્રભાણ ઇન્દ્રપાલ જનવાર (૭) બ્રીજભાણ ભવરસીંગ (૮) નારાયણ ઉર્ફે સિમ્પી બાદશાહસીંગ (૯) અર્જુનસીંગ કિશનસીંગ (૧૦) ગોવિંદસીંગ રાજબીરસીંગ નાઓને ઉપરોક્ત ગુન્હાઓમાં સંડોવાયેલ હોય તેઓને મધ્યપ્રદેશથી પકડી લાવી તપાસ હાથ ધરેલી. જેમાં ૦૨ પિસ્ટલ, ૦૨ કારતુસ કબજે લેવામાં આવેલ.

તા.૧૩/૦૩/૨૦૧૫ નારોજ ભાનુ જવેલર્સના માલીક મનીષના ઘરે આવી તેઓ ઉપર ફાયરીંગ કરેલ તે બાબતે ગુન્હો દાખલ થયેલ. આ ગુન્હાના કામે યુ.પી. એસ.ટી.એફ તથા ઉત્તરાખંડ એસ.ટી.એફ.ની મદદ લેવામાં આવી અને બે પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ તથા ચાર પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રીઓ તથા અન્ય પોલીસના માણસોની ચાર ટીમો બનાવી